ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશ માટે
ધોલાઇ ભથ્થુ આપવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: સીએલઓ/૧૦૨૦૧૩/૧૩૧૩/ખ-૩,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૨/૨૦૧૪

વંચાણે લીધોઃ- સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક:સીએલઓ/૧૦૯૨/૧૭૫૭/ખ-૩,
તા.૨૮/૪/૨૦૦૦

ઠરાવ :-

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૮/૦૪/૨૦૦૦ના ઠરાવ ક્રમાક: સીએલઓ/૧૦૯૨/૧૭૫૭/ખ-૩થી રાજ્યના વર્ગ-૪ કર્મચારીઓને વ્યક્તિદીઠ માસિક રૂ.૩૦/-(અંકે રૂપિયા ત્રીસ પુરા) ધોલાઇ ભથ્થું ચુકવવાનું ઠરાવવામા આવેલ છે. ગુજરાત રાજ્ય વર્ગ-૪ કર્મચારી મહામંડળ તથા ધી સચિવાલય સ્ટાફ ચોથા વર્ગના કર્મચારી એસોસીએશનની રજુઆત તેમજ કેન્દ્ર સરકારના છઠ્ઠા પગાર પંચની ભલામણોને ધ્યાનમાં લઇને રાજ્યના વર્ગ-૪ કર્મચારીઓને વ્યક્તિદીઠ માસિક રૂ.૬૦/-(અંકે રૂપિયા સાંઇઠ પુરા) ધોલાઇ ભથ્થુ ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ હુકમો તા.૦૧/૦૩/૨૦૧૪થી અમલમાં આવશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વિભાગ/કચેરીએ તેમના મહેકમ માટે મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

(૩) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૨/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.જે.પટેલ)
સેક્શન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
*રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ્ય ભવન, ગાંધીનગર.

(પાછળ...)

*રાજ્યપાલશ્રીના ગ્રુહ નિયામકશ્રી, રાજ્ય ભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
સર્વે મંત્રીશ્રીઓના/સર્વે રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી.
એકાઉટન્ટ જનરલ, અમદવાદ.
એકાઉટન્ટ જનરલ, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદવાદ/ગાંધીનગર.
નાણા વિભાગ/ઝ શાખા, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/સર્વે કચેરીઓના વડાઓ.
નિયામકશ્રી,સરકારી છાપકામ અને લેખનસામગ્રી, અમદવાદ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
વિશિષ્ટ ફાઇલ.
* – પત્ર દ્વારા.